... નિયમો પ્રજા માટે હોય... નેતા માટે નહીં...!!

રજવાડામાં રાજા અને પ્રજા માટે અલગ અલગ નિયમો હતા હાલ પણ આપણે એ દિશામાં જઇ રહ્યા હોય તેમ લાગી રહ્યુ છે...આમ નાગરિકોના ખિસ્સા ખાલી થાય તેવો દંડ વસુલાય છે.. મંદિરોને ભાજપી તાળા વાગેલા છે.. સામાજિક , ધાર્મિક કાર્યક્રમો બંધ છે... રાજકીય રમત ચાલી રહી છે..આ જ કરવુ હોય તો બધા પ્રતિબંધ હટાવી લેવા જોઇએ...કોરોનાના કહેર વચ્ચે નિયમોની ગિરફતમાં ગુંગળાતુ જનજીવન બેધારી નિતીથી બેચેન

ગાંધીનગર તા ૪

કોરાનાની મહામારીએ સમગ્ર વિશ્વને હચમચાવી દીધુ છે. છેલ્લા ૬ મહીનાથી દેશમાં પણ કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. ગુજરાતમાં પણ લાંબા સમયના અંતે કોરોના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે કોરોનાના સંક્રમણથી બચવા સરકારની ગાઇડ લાઇનનુ પાલન કરવા અવારનવાર જાગૃત કરવામાં આવે છે. જનજાગૃતિ માટે કરોડો રૂપિયા ખર્ચાયા છે. પરંતુ આદેશ અને ઉપદેશ વચ્ચે રાજકીય પક્ષો જ નિયમોને નેવે મુકી જન આરોગ્યને જોખમમાં મુકી રહ્યા હોય તેવા દ્રશ્યો રોજબરોજ આંખોને ખુંચે છે. એકબાજુ મંદિરો બંધ રાખવા અને ધાર્મિક ઉત્સવો પણ રોક લગાવી દેવાયા છે. કરોડો ભાવિકોની આસ્થાના કેન્દ્ર સમાન અંબાજીમાં યોજાતા ભાદરવી પુનમના મેળો, ગણેશોત્સવ સહીતના ઉજવણીના કાર્યક્રમો પણ બંધ રાખવામાં આવ્યા છે. શાળા કોલેજો પણ ઓનલાઇન મોડમાં છે.

લગ્નપ્રસંગો સહીતના મેળાવડા યોજવા માટે કડક ગાઇડ લાઇનનુ પાલન કરવા સખત સુચના આપવામાં આવી છે. પરંતુ રાજકીય કાર્યક્રમો આ બધાથી પર છે. સત્તાધારી પક્ષની વિશેષ જવાબદારી બને છે. ત્યારે નિયમોની ઐસી તૈસી કરીને સભા સરઘસ અને રેલીનુ આયોજન બિન્દાસ્ત રીતે થાય છે. એકબાજુ સોસિયલ ડીસ્ટન્સીંગ તેમજ માસ્ક નહીં પહેરવા બદલ તગડો દંડ વસુલવામાં આવે છે. બીજીતરફ રાજકીય કાર્યક્રમોમાં આમ નાગરિકો પાસેથી દંડ વસુલતી પોલીસ પહેરો ભરીને તમાશો જોવે છે. સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ માસ્ક પહેરવા સહીતના મામલે પણ કોઇ નિયમો જળવાતા નથી. સુરત અને રાજકોટ સહીતના શહેરમાં કોરોનાના કહેરથી અનેકે જીવ ગુમાવ્યો છે. ત્યારે મોતનો મલાજો પણ જળવાતો ન હોવાનો રોષ નાગરિકો ઠાલવી રહ્યા છે. આવી રીતે જ કોરાના સામે લડત આપવાની હોય તો બધા પ્રતિબંધ હટાવી લો..તેવો સુર પણ આમ નાગરિકોમાં ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં સામાન્ય નાગરિકોના મનમાં એક પ્રશ્ન સતત થાય છે કે નિયમો માત્ર પ્રજા માટે જ હોય છે.. નેતાઓ કે રાજકીય પક્ષો માટે નહીં...ગાંધીનગર સમાચારના માધ્યમથી અગ્રણીઓએ પોતાના મંતવ્યો રજુ કર્યા છે જે અત્રે પ્રસ્તુત છે.

ભાજપની કથની અને કરણી માં ફેર છે... ચાલ.. ચલન અને ચરિત્રની વાતો થાય છે... અને આજે ગરીબ માણસ સાઇકલ પર નિકળ્યો હોય માસ્ક ન હોય તેની પાસેથી હજાર રૂપિયા દંડ વસુલવામાં આવે છે. નેતા ઇચ્છે તો મંદિરના દ્વાર ખુલી જાય તેમને ધર્મ કે ભગવાનની આસ્થા સાથે કોઇ લેવા દેવા નથી માત્ર રાજકારણ માટે તેનો ઉપયોગ થાય છે. ભાવિકો માટે બધો પ્રતિબંધ છે. મંદિરો પર ભાજપી સરકારના તાળા છે. પણ જો ભાજપના નેતાનો રાજકીય કાર્યક્રમ હોય તો મંદિરના કપાટ ખોલાવાય છે. આમ નાગરિકો માટે બધુ બંધ છે. નાગરિકના જીવનનો માંગલિક કે દુખદ પ્રસંગ હોય તો ૧૦૦ માણસ ભેગા થાય તો પણ દંડ કરાય છે. બીજીતરફ રાજકીય વ્યકિત દુકાન ચલાવે છે. બિનજરૂરી ખોટા તાયફા કરીને આમ નાગરિકોની આરોગ્ય સુખાકારીને પણ નુકશાન પહોંચાડવાનો ભાજપને અધિકાર મળી ગયો છે. જો ભાજપે આ જ વહીવટ કરવો હોય તો તેમણે નોટીફીકેશન બહાર પાડવુ જોઇએ ભાજપ , વિપક્ષ અને પ્રજા માટે અલગ નોટીફીકેશન બહાર પાડી તેની એસ ઓ પી અલગ પ્રતિત કરવી જોઇએ. ભુતકાળમાં જયારે રાજા રજવાડાના રાજ હતા ત્યારે પ્રજા અને રાજા માટેના ધારાધોરણો અલગ હતા વર્તમાન સમયમાં પણ આપણે તે દિશામાં હવે જઇ રહ્યા હોય તેવુ સ્પષ્ટ થઇ રહ્યુ છે.

- નિશીત વ્યાસ

કોરોનાની મહામારીથી બચવા માટે નાગરિકો પ્રારંભિક તબક્કે લોકડાઉનના કપરા કાળમાંથી પણ પસાર થયા છે. જયારે હાલ પણ કોરોનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે નાગરિકોએ પણ વધુ જાગૃત રહેવાની અનિવાર્યતા છે. ત્યારે નાગરિકોની સ્વયં શિસ્તને બિરદાવી નેતાઓએ પણ દાખલો બેસાડાય તે મુજબ પ્રજાને બતાવાતા તમામ નિયમોનુ પાલન કરવુ જોઇએ. પરંતુ હાલ શિસ્તની શરૂઆત જયાંથી થવી જોઇએ ત્યાંથી થતી નથી તે દુખદ બાબત છે. ભવિષ્યમાં નાગરિકો દાખલો લઇ કાયદાનુ પાલન કરતા અટકે નહીં. તેનો પણ વિશેષ ખ્યાલ રાખવો જોઇએ.

- અરુણ બુચ, પ્રમુખ ગાંધીનગર શહેર વસાહત મહામંડળ

કોરોના કાળ દરમિયાન ભાજપના કાર્યકર્તાઓ અને નેતાઓએ સેવાકાર્ય કર્યા ત્યારે પણ ભીડ વચ્ચે આત્મ રક્ષણનો પુરતો ખ્યાલ રાખીને કામ કર્યુ હતુ. ગાંધીનગર જિલ્લા અને મહાનગરમાં પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ આવતા હોય તો કાર્યકર્તાઓ ઉત્સાહ હોય તે સ્વાભાવિક છે. પ્રદેશ અધ્યક્ષ પણ નિયમોનુ પાલન કરીને દરેક કાર્યકર્તાઓ તેમજ સમાજના આગેવાનોને મળે છે. મહામારી સામે જરૂરી તમામ બાબતે સાવચેતી રાખવામાં આવે છે. અધ્યક્ષણ પણ સોસિયલ ડીસ્ટન્સનુ પાલન કરે છે. કાર રેલીમાં પણ એક કારમાં બે થી વધુ વ્યકિત રહેશે નહીં માસ્ક પણ ફરજિયાત પહેરવાનુ હોય છે. આમ કોરોનાના સંક્રમણથી એક મેક બચી શકે તેનો પુરતો ખ્યાલ રાખવામાં આવે છે.

- મહેન્દ્ર દાસ, શહેર ભાજપ પ્રમુખ

ભાજપે પાલનપુર પાર્ટી પ્લોટમા કાર્યક્રમ કર્યો અહીં કાર્યક્રમ કરવો હોય તો રંગમંચ પણ ન મળે. કાર્યક્રમમાં આમંત્રિતોનુ લીસ્ટ પણ અગાઉથી આપવુ પડે. ગાંધીનગરમાં લગ્ન મહોત્સવ કે સામાજિક કે ધાર્મિક કાર્યક્રમ કરવાનો હોય તો મામલતદારની મંજુરી મેળવી અનિવાર્ય રહે છે. વાડી કે હોલ પણ ફાળવવામાં આવતો નથી નામ સરનામા સાથેની યાદી રજુ કરવી પડે છે. જનસેવા કેન્દ્રમાં સેનેટાઇઝર નથી. દુકાન માલિક ન રાખે તો દંડ થાય નિયમોના નામે સામાન્ય નાગરિકોને હેરાનગતિ કરવામાં આવે છે. ભાજપના નેતાઓ કોઇ નિયમોનુ પાલન કરતા નથી સોશિયલ મીડીયામાં અનેક વિડીયો પણ આ અંગે વાયરલ થયા છે.

- શૈલેન્દ્રસિંહ બિહોલા, વિપક્ષ નેતા મહાનગરપાલિકા

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હા અમે આદેશ મુજબ ગેરંટી વગરની લોન આપીએ જ છીએ પરંતુ લોન મળશે તેની કોઇ ગેરંટી નથા આપતા...

ગાંધીનગર તાલુકા પંચાયતની ૨૮ બેઠકો થઈ

અડાલજ-ડભોડા બાદ હવે આદરજ મોટી અને ઉવારસદની બે-બે બેઠકો બની

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકા પંચાયતનું નવુ સીમાંકન જાહેર થયુ છે. જેમાં તાલુકા પંચાયતની બેઠકો ૨૮ નિયત કરવામાં આવી છે. ગાંધીનગર તાલુકા પંચાયતમાં હાલ ૩૬ બેઠકો છે. ગાંધીનગર શહેરની હદ વધારવાના નિર્ણયને પગલે તા.પં.ના નવ સભ્યોની બેઠકો રદ થઈ રહી છે. જોકે શહેરની હદ વધારવામાં આવતાં તા.પં.નું નવુ સીમાંકન જરૂરી બન્યુ હતુ.

૨૦૧૧ની વસ્તીગણતરીને ધ્યાને રાખી આ નવુ સીમાંકન કરવામાં આવ્યુ છે. જેમાં ઘણા બધા ફેરફાર થવા પામ્યા છે. જે જિલ્લા અને તાલુકાના રાજકારણમાં નવા સમીકરણો ઉભા કરશે.

મળતી વિગતો પ્રમાણે નવા સીમાંકનમાં આદરજમોટીની બે બેઠકો કરવામાં આવી છે એજ પ્રમાણે ઉવારસદની પણ બે બેઠક કરવામાં આવી છે. આ ઉપરાંત ધણપ, પીંપળજ, સોનારડાની નવી બેઠકો નામાભિધાન સાથે બની છે.

તાલુકામાં અડાલજ, ડભોડા ઉપરાંત હવે આદરજમોટી અને ઉવારસદની પણ બે-બે બેઠકો બની છે. જે નવ બેઠકો રદ થઈ છે તેમાં ૬ બેઠકો પર હાલ ભાજપનો કબ્જો છે જ્યારે ૩ બેઠકો પર કોંગ્રેસનો કબ્જો છે. તા.પંચાયતની મુદત પૂર્ણ થવામાં હજુ અઢી વર્ષનો સમય બાકી છે પરંતુ સરકાર દ્વારા જે બેઠકો રદ થઈ છે તેમના સભ્યપદ અંગે હજુ નિર્ણય લેવામાં આવ્યો નથી. નવા સીમાંકન અને નવ સભ્યોના સભ્યપદને લઈ તાલુકામાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

આ વર્ષે વરસાદ સારો એવો રહ્યો છે. ઘણા દિવસો સુધી સતત વરસાદ પડતાં શહેરમાં ઠેર ઠેર માર્ગો તુટી ગયા છે અથવા રોડ પર મસ મોટાં ખાડા પડી ગયા છે. એસટી ડેપોના મેન ગેટ આગળ જ મોટો ખાડો પડી ગયો છે. ઘણા દિવસોથી આ ખાડો પડયો હોવા છતાં તેનું રીપેરીંગ ન થતા બસ ડ્રાઈવરોને તકલીફ થઈ રહી છે.

ભાટ દારુ કેસમાં ગાડી પર ખોટી નંબર પ્લેટ લગાવતા શખ્સો સામે ગુનો નોંધાયો

ગાંધીનગર,તા.૪

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર ભાટ માલધારી ચોકડી પાસેથી તાજેતરમાં કારમાંથી વિદેશી દારુ પોલીસે ઝડપી પાડ્યો હતો. આ કેસમાં પોલીસને કારનો નંબર ખોટો હોવાનું ધ્યાને આવતા વધુ એક ફરીયાદ અડાલજ પોલીસ મથકે નોંધાઈ છે. મળતી માહિતી મુજબ પીએસઆઈ એમ.જે.શીંદેની ફરીયાદ મુજબ પોલીસે રેનોલ્ટ કાર નં.જી.જે.૦૭.બીબી-૧૫૭૭ ૧૨૦ બોટલ દારુની ઝડપીને બે વ્યકિતને પકડી પાડ્યા હતા. પોલીસે કાર અને દારુ મળીને સાડા ત્રણ લાખ રૂપીયાથી વધુ નો મુદ્દામાલ કબ્જે કરી પીએસઆઈ એમ.જે.શીંદે એ ધોરણસરની તપાસ શરુ કરી હતી. જેમાં ગાડીના નંબર પરથી માલિકની વિગતો મંગાવતા દારુની કેસમાં પકડાયેલી ગાડી પર લાગેલો નંબર અન્ય ગાડીનો નીકળ્યો હતો. નિશાન માઈક્રા કારના માલિકે પોતાની કાર ભાટમાં રહેતા સંદિપ ઉર્ફે મોન્ટું મોહનભાઈ ચાવડાને આપી હતી. જેને પગલે સંદિપ તેમજ દશરથજી દલસંગજી ઠાકોરે મળીને નંબર પ્લેટ કાઢીને અન્ય કારમાં લગાવીને દારુની ખેપ મારતા હતા.જેથી પોલીસેદારૂ સાથે ઝડપી પાડેલા બંને આરોપી સામે ખોટી નંબર પ્લેટ લગાવી હોવાથી ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- ચિલ્ડ્રન યુનિ.ના ઉપકુલપતિ હર્ષદભાઈ શાહની તબિયત અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૃચ્છા કરી હતી. હર્ષદભાઈ શાહને યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.
- ઊર્જાનગર અને ધોળેશ્વર મહાદેવ જવાના માર્ગ પર પડેલા ખાડાઓને વાચા આપ્યા બાદ રિપેરીંગ કામ તંત્ર દ્વારા હાથ ધરાયુ છે. પ્રજાની વેદનાને વાચા આપવા અહિના રહીશોએ અખબારનો આભાર માની ખુશી વ્યક્ત કરી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર બાવીસી તેમજ સિંચાઈ વિભાગના ઈજનેર માયત્રા ૩૧-૮-૨૦૨૦ના રોજ વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- અમદાવાદ પૂર્વના સાંસદ એચ.એસ. પટેલે આજે તેમના વિસ્તાર દહેગામમાં તેમણે સૂચવેલ આદર્શ સાંસદ ગ્રામની મુલાકાત લીધી હતી અને ગ્રામજનો સાથે બેઠક કરી હતી.
- જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને આજે તાલુકા વિકાસ અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠકમાં ઝીણવટભરી સમીક્ષા હાથ ધરતાં બેઠક બે કલાકથી પણ વધુ ચાલી હતી.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રોમ વૉટર લાઈનના કાપ બાદ પુરાણની કામગીરી યોગ્ય ન થતી હોવાની રજુઆતો સરકાર સુધી પહોંચવા પામી છે.

ભાટ પાસે રીક્ષામાંથી ૧૩૮ લીટર દેશીદારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર -એરપોર્ટ માર્ગ પર ભાટ-કોટેશ્વર ચોકડી પાસે રીક્ષામાંથી ૧૩૮ લીટર દેશીદારુ એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે રીક્ષાની સીટ નીચે ચોરખાનામાંથી દેશી દારુ ભરેલી ૬૯ કોથળીઓ મળી આવી હતી. પોલીસે રૂ.૨૭૬૦ દેશીદારુ, બે ફોન અને રૂ.૫૦ હજારની રીક્ષા મળી કુલ રૂ.૫૮,૨૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ વ્યકિત સામે પોલીસે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો વાહન ચેકીંગ કરી રહ્યા હતા. તે સમયે રીક્ષા નં. જી.જે.૨૭.વાય-૮૧૫૯ દારુની દુર્ગંધ આવી રહી હતી. જેથી પોલીસે રીક્ષામાં તપાસ કરતા સીટ નીચે લોખંડના બનાવેલા ચોરખાનામાંથી દેશીદારુના ૨૩ કટ્ટામાં ફીટ કરાયેલી ૬૯ થેલીમાંથી ૧૩૮ લીટર દેશી દારુ મળી આવ્યો હતો. પોલીસે રીક્ષામાં સવાર શખ્સોનું નામ અંગે પુછતાછ કરતા તેઓએ અમદાવાદ કુબેરનગર ખાતે રહેતા વાસુદેવ રામચંદ્ર પાસી અને સચિનકુમાર અજીતભાઈ રાઠોડ હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે દારુ અંગે પુછતાછ કરતા બંન્ને વ્યકિતઓએ કુબેરનગર ખાતે રહેતા રિતેશ ઉર્ફે માઈકલ ગોપાલભાઈ ગારંગે દારૂ ભરીને આપ્યો હતો અને ભાટ કોટેશ્વર થઈને રાણીપ જવા માટે કહ્યું હતું. જેમાં એક ટ્રીપના રીક્ષા ડ્રાઈવરને રૂ.૪૫૦ તેમજ સચિનને રૂ.૨૦૦ આપતા હતા. પોલીસે દારુ, મોબાઈલ અને રીક્ષા મળીને કુલ રૂ. ૫૮,૨૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી ધોરણસરની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના ધારાસભ્ય ડૉ. સી. જે. ચાવડાએ કોરોના મહામારીને પરાસ્ત કરી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ડો. સી.જે. ચાવડા કોરોના મહામારીને પરાસ્ત કરીને ફરી પ્રજાલક્ષી કાર્યોમાં જોતરાઈ ગયા છે. કારોના મુક્ત થયા બાદ ધારાસભ્યએ પોતાની

કામગીરીને બમણા વેગથી ફરી કાર્યરત કરી છે અને તેમણે પ્રજાના પ્રશ્નો સાંભળવાનું તેમજ તેમણે ઉકેલની દિશામાં કાર્ય કરવાનું શરૂ કરી દીધું છે.

ડો. સી.જે. ચાવડા હંમેશા સપ્તાહમાં બે દિવસ સેક્ટર-૨૧માં એમએલએ ક્વાર્ટર્સ ખાતે ઉપસ્થિત રહી પોતાના વિસ્તારની જનતાને સમય આપી મુલાકતીઓના પ્રશ્નો સાંભળે તેઓ શિરસ્તો તેમણે અપનાવ્યો હતો, જેના કારણે તેઓ પ્રજામાં લોકપ્રિય બનવા સાથે પ્રજાના પ્રશ્નોને વાચા આપવાનું કામ પણ કરતા હતા. જોકે સતત પ્રજા અને પક્ષના કાર્યકરો વચ્ચે રહેતા ડો. સી.જે. ચાવડા થોડા દિવસ પૂર્વે કોરોના વાયરસ સંક્રમણનો ભોગ બન્યા હતા અને તેમને સારવાર અર્થે શહેરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન તેઓ કોરોના વાયરસને પરાસ્ત કરવામાં સફળ રહ્યા અને ત્યાર બાદ તેમણે જરૂરી કોરોન્ટાઈન પીરિયડ પણ નિર્વિઘ્ને પૂર્ણ કર્યો હતો. જોકે આ સમયગાળા દરમિયાન તેઓ તેમના વિસ્તારના કાર્યકરો તથા પ્રજાથી વિમુખ રહેવા પામ્યા હતાં .

મુખ્યમંત્રી દ્વારા અમેરિકાના અગ્રણી ઉદ્યોગકારોને સંબોધન

ફોરમમાં યુ.એસ.એ,ભારતના મોટા ગજાના ઊદ્યોગકારો, પ્રતિષ્ઠિત ગણમાન્ય લોકોએ ભાગીદારીની ચર્ચા કરી હતી

ગાંધીનગર,તા.૪

મુખ્યમંત્રી વિજય રૂપાણીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતની વૈશ્વિક વિકાસ યાત્રામાં વધુ એક ગૌરવ સન્માન ઉમેરાયું છે. યુ.એસ. ઈન્ડીયા સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ફોરમની (યુએસઆઈએસપીએફ)ની ત્રીજી વાર્ષિક શિખર પરિષદમાં ભારતના રાજ્યોમાંથી એકમાત્ર ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને સમિટના વિશેષ પબ્લીક સેશનમાં સંબોધન માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ ફોરમમાં યુ.એસ.એ.ના મોટા ગજાના વેપાર-ઊદ્યોગકારો, પ્રતિષ્ઠિત ગણમાન્ય લોકો તેમજ ભારતના ઊદ્યોગ-વેપાર-વાણિજ્ય ક્ષેત્રના ખ્યાતનામ લોકો સાથે મળીને પરસ્પરના રાજ્યોમાં વેપાર-ઊદ્યોગ ઉત્પાદન એકમોની ભાગીદારી અંગે સમૂહમાં ચર્ચા-વિચારણા કરતા હોય છે. ગુજરાતની બે દાયકાની સતત અવિરત સર્વગ્રાહી વિકાસ યાત્રા, ઔદ્યોગિક પ્રગતિ અને મુખ્યમંત્રીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતે મેળવેલી સિદ્ધિઓથી આકર્ષિત થઈ દેશના રાજ્યોના મુખ્યમંત્રી પૈકી એકમાત્ર ગુજરાતના વિજય રૂપાણીને આ સમિટના વિશેષ પબ્લીક સેશનમાં વિડીયો કોન્ફરન્સથી સંબોધનનું આમંત્રણ અપાયું હતું. તા.૩૧મી ઓગસ્ટથી શરૂ થયેલા નેવીગેટિંગ ન્યૂ ચેલેન્જીસ વિષયક આ પાંચ દિવસીય સમિટમાં મુખ્યમંત્રીએ ગુરૂવારે મોડી સાંજે ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા પ્રભાવક સંબોધનમાં ગુજરાતમાં રોકાણની તકો-ઈન્વેસ્ટમેન્ટ ઓપોર્ચ્યુનિટીઝ ઈન ગુજરાત અંગે વિસ્તૃત અને છટાદાર પ્રસ્તુતિ કરી હતી. કોરોના વૈશ્વિક મહામારી પછીની સ્થિતીમાં વિશ્વમાં વિકાસ અને સમૃદ્ધિની તકોમાં ઈન્ડીયા-યુ.એસ પાર્ટનરશીપની ભૂમિકા-થીમ સાથે આ સમિટ યોજાઈ રહી છે. પ્રવર્તમાન સ્થિતીમાં ચાયનામાં

રોકાણો-ઊદ્યોગોનો જે ભયનો માહોલ છે તેમાંથી અન્યત્ર સ્થળાંતર કરવા માંગતા ઊદ્યોગો-રોકાણકારો માટે ભારત વ્યૂહાત્મક રીતે આકર્ષણનું કેન્દ્ર બની શકે તેમ છે. મુખ્યમંત્રીએ યુ.એસ.ના વેપાર-ઊદ્યોગ જગતના અગ્રણીઓ સમક્ષ ગુજરાતની વિકાસ ગાથાની સફળતા વર્ણવતા કહ્યું કે, "ભારત અને અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારો તરીકે વિકસ્યા છે.

આ ભાગીદારી લોકો આધારિત અને લોકો કેન્દ્રિત છે. લોકશાહીના મૂલ્યો, મજબૂત સાંસ્કૃતિક સંબંધો, અને માનવ સમૃદ્ધિનો ઉદ્દેશ્ય એ બંન્ને દેશોની સામ્યતા છે.

વાવોલમાંથી વિદેશી દારુની બે બોટલ સાથે બે યુવક ઝડપાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના જવાનો ગુરુવારના રોજ પેટ્રોલીંગમાં હતા તે સમયે વાવોલ બસ સ્ટેન્ડ પાસેથી બે યુવકોને પકડી પાડ્યા હતા. આ યુવકો પાસેથી પોલીસને બે બોટલ વિદેશી દારુની મળી આવી હતી. પોલીસે યુવકનુ નામ પુછતા તે વાવોલ ખાતે રહેતો નિજાત્તમા ભુપેન્દ્રભાઈ શાહ (ઉં.૩૦) તેમજ સેકટર-૭ ખાતે રહેતો નિરજ ભરત વાઘેલા (ઉં.૨૩ બ્લોક નં.૨૧૩-૩) હોવાનું ધ્યાને આવ્યું હતું. દારુ વિશે પોલીસે પુછતા અડાલજ ખાતે રહેતો નિતિન બાવો આપી ગયો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે રૂ.૧ હજારનો દારુ, મોબાઈલ ફોન નંગ-૨ મળી કુલ રૂ.૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મધુર ડેરી દ્વારા દૂધમંડળીઓના પ્રમુખ-મંત્રીને આત્મનિર્ભર થવાની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ મધુરડેરી દ્વારા સાદરા ગામ આજુબાજુની સાત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના પ્રમુખ-મંત્રીઓને આત્મનિર્ભર થવા માટેની તાલીમ આપવામાં આવી. જેમાં સાદરા, બોરીયા, સોરાબપુરા, મોતીપુરા, માધવગઢ, લક્ષ્મીપુરા, કલ્યાણપુરા ગામના દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના પ્રમુખ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મધુર ડેરીના જનરલ મેનેજર ડૉ. ડી.એસ. પટેલે પશુપાલકોને આત્મનિર્ભર થવા માટે ખેતી-પશુપાલન સાથે મધ ઉછેર વ્યવસાય કરી વધુ આવક મેળવી પશુપાલકો આવક વધારી આત્મનિર્ભર થઈ સુખી થઈ શકે છે. ઉપરાંત કિશાન ક્રેડીટ કાર્ડ દ્વારા સરકારશ્રીની મળતી લોનના અરજીપત્રકો ભરી લોનનો લાભ લેવાની હાંકલ કરી હતી. પાંચ હજારની વસ્તીવાળા ગામડાઓમાં ડીમાર્ટ (વિલેજ મોલ) બનાવી સસ્તાભાવે ઘર વપરાશી ચીજવસ્તુઓ ખરીદ કરવા માટેની પણ માહિતી આપી. બન્ટુભાઈએ સાઈલેજ પશુઓ માટેનું અથાણું બનાવવાની રીત, સાઈલેજમાંથી મળતાં પોષકતત્વો, દૂધમંડળીઓ સુધી સાઈલેજ પહોંચાડવાની વ્યવસ્થા અંગે પ્રશ્નોના જવાબો સાથેનો સુંદર વાર્તાલાપ કર્યો. મધુર ડેરીના મેનેજર અનિલ મહેતાએ ખેતી-પશુપાલન સાથે મધ ઉછેર કરવાથી થતા ફાયદા, મધ ઉછેર કરવાની રીતો, મધમાખી મધ સાથે ફૂલોની પરાગ અને મીણ પણ આપે છે. જેના વેચાણથી વધુમાં વધુ આવક મેળવવા અંગે મહત્વની ચર્ચા કરી હતી.